ગાંધીનગર સમાચાર
તા. ૧૩-૫-૨૦૧૫, બુધવાર

## તંત્રી સ્થાનેથી....

### સમરથ કો નહીં દોષ ગુસાંઇ

સંત તુલસીદાસે આવું વિધાન કર્યું હશે ત્યારે એમને ખબર હશે ખરી કે આગામી સૈકાઓમાં એમનાં જ દેશમાં આ સૂત્ર જયલલિતા જયરામ જેવાં લોકપ્રિય નેતાને પણ લાગુ પડશે? સલમાનખાનને નીચલી કોર્ટે કરેલી સજા સામે કલાકોમાં વચગાળાના જામીન મળી ગયા અને પાછળથી કન્ફર્મ થઇ ગયા, તે પછી દેશના ન્યાયતંત્ર પ્રત્યે જનસાધારણ શંકા કરતો થઇ ગયો હતો. કર્ણાટકની હાઇકોર્ટે અપ્રમાણસર સંપત્તિના અપરાધ હેઠળ ચાર વર્ષની કેદ ઉપરાંત ૧૦૦ કરોડનો દંડ અને ધારાસભ્યપદ રદ કરવા સાથે દસ વર્ષ સુધી ચૂંટણી ન લડી શકે એવી સજા ફરમાવી હતી. જામીન મળ્યા ત્યારે પણ એમને ઘર બહાર નીકળવાની છૂટ નહોતી. જયલલિતા જેવાં મહત્ત્વાકાંક્ષા નેતા માટે આખી રાજકીય કારકિર્દી સમાપ્ત થઇ જવા જેવી સ્થિતિ સરજાઇ હતી. એમણે જતનપૂર્વક પાયામાંથી બેઠી કરેલી અન્નાદ્રમુક પાર્ટી માટે પણ આ ચુકાદો આઘાતજનક બલકે મરણતોલ ફટકા જેવો હતો. તમિલનાડુમાં દ્રવિડ રાજકારણ છેલ્લાં ઘણાં વર્ષોથી બે પ્રતિભાઓ વચ્ચે લડાતું રહ્યું છે. દ્રમુકના નેતા કરૂણાનિધિ અને અન્નાદ્રમુકનાં સર્વેસર્વા જયલલિતા વારાફરતી સત્તાનાં સૂત્રો સંભાળતા રહ્યાં છે. રાષ્ટ્રીય પાર્ટીઓનું તો ત્યાં સદંતર નામું જ લખાઇ ગયેલું છે. આવા સંજોગોમાં જયલલિતા માટે નીચલી સ્પેશિયલ કોર્ટનો ચુકાદો એમના ઠાઠમાઠ અને પ્રભાવશાળી નેતૃત્વ સામે મોટો પડકાર બની રહ્યો હતો. અબજોની સંપત્તિ, હજારો મોંઘીદાટ સાડીઓ અને ચંપલો તથા હીરા ઝવેરાત આ ટોકન એક જ રૂપિયાનો પગાર લેનારાં મહિના રાજકારણી પાસે કયાંથી આવી ગઇ, એ પ્રશ્ન કોર્ટને થયેલો તેમ આપણને પણ થાય જ. વળી સ્પેશિયલ કોર્ટના ન્યાયાધીશને જે આરોપી આવડી મોટી સજાને પાત્ર લાગેલાં તે હાઇકોર્ટના ન્યાયમૂર્તિને સોના જેવા શુદ્ધ કઇ રીતે લાગ્યાં, તે પણ સવાલ ઊભો છે જ. રાજય સરકારે જાણી જોઇને ઢીલું મૂક્યું હોય તે બનવાજોગ છે. હવે એ સર્વોચ્ચ અદાલતમાં અપીલ કરશે તો પણ હાઇકોર્ટના ચુકાદાથી અલગ ચુકાદો આવે એવી શક્યતા નહીંવત જ રહેવાની. જયલલિતા માટે ફરીથી મુખ્યમંત્રી પદ સંભાળવાનો માર્ગ મોકળો બન્યો છે. થોડાક જ મહિનાઓ પછી આવનાર વિધાનસભાની ચૂંટણીમાં તેઓ પાર્ટીનું નેતૃત્વ પણ કરી શકશે અને કરૂણાનિધિની ડીએમકે પાર્ટી અનેક વિટંબણાઓમાં ગૂંચવાયેલી હોઇ ફરી વાર સત્તામાં પુનરાગમન પણ કરી શકે. જયલલિતાએ નીચલી કોર્ટના આદેશથી મુખ્યમંત્રીપદેથી રાજીનામું આપવું પડ્યું હતું અને એમને સીધા જ કસ્ટડીમાં લેવાયાં હતા. પરંતુ હવે બાજી સંપૂર્ણપણે જયલલિતાની તરફેણમાં આવી ગઇ છે. કયારેક વડાપ્રધાનપદનાં દાવેદાર ગણાતાં આ પૂર્વ અભિનેત્રી અને મુખ્યમંત્રી ફરી પાછાં એમનું મુખ્યમંત્રીપદ સંભાળી રાજકારણની નવી ઇનિંગ્સ શરુ કરી રહ્યાં છે ત્યારે એમને શુભેચ્છા જ પાઠવવી રહી! આ દેશમાં લાલુપ્રસાદ યાદવથી લઇ જયલલિતા સુધીના સમર્થ રાજનેતાઓને કોઇ જ કાયદો લાંબા સમય સુધી નડી શકતો નથી!

નરસી મોનજી એજયુકેશનલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત શિક્ષણ ક્ષેત્રે મુંબઇની પ્રતિષ્ઠિત

## જમનાભાઈ નરસી સ્કુલ 'ગીફ્ટ સીટી'માં પ્રારંભ માટે સજ્જ

### ૧૪મી મે, ૨૦૧૫ ગુરૂવારના રોજ ઉચ્ચ શિક્ષણ વિભાગનાં પ્રધાન શ્રીમતી વસુબેન ત્રિવેદીના હસ્તે ઉદ્‌ઘાટન



અમદાવાદ, તા.૧૨

નરસી મોનજી એજ્યુકેશનલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત જમનાબાઈ નરસી સ્કૂલ ગીફટ સીટી ગાંધીનગરમાં તા. ૧૪મી મે, ૨૦૧૫ના રોજ ઉચ્ચ શિક્ષણ વિભાગનાં પ્રધાન શ્રીમતી વસુબેન ત્રિવેદીની હાજરીમાં ભવ્ય ઉદ્‌ઘાટન સમારંભનું આયોજન કરવામાં આવ્યું છે. ગીફટ સીટી જેવા વ્યુહાત્મક સ્થળે આવેલી આ જમનાબાઈ નરસી સ્કૂલ (સૂચિત ICSE અને IGCSE )જૂન ૨૦૧૫ સુધીમાં નર્સરીથી ધોરણ-૬ સુધી સંપૂર્ણપણે કાર્યરત થઈ જશે. સ્કૂલમાં ઉચ્ચ ગુણવત્તા ધરાવતું શિક્ષણ આપવામાં આવશે જેમાં શારિરિક શિક્ષણ અને ઈતર પ્રવૃત્તિઓ તથા અનુભવજન્ય અભ્યાસ ઉપર ભાર મુકાશે.

નરસી મોનજી એજ્યુકેશનલ ટ્રસ્ટની છેલ્લા ચાર દાયકાની પરંપરા અંગે વાત કરતાં નરસી મોનજી એજ્યુકેશનલ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી જયરાજ સી. ઠાકરે જણાવ્યું કે, 'અમે ગુજરાતમાં અમારા વિદ્યાર્થીઓ માટે વિશ્વ સ્તરના શૈક્ષણિક કાર્યક્રમો રજૂ કરવાનો ઉદ્દેશ ધરાવીએ છીએ, જે એક મોડર્ન એકેડેમિક એક્સેલન્સ બનવાની સાથે સાથે તેમને અનુભવ આધારિત સાંસ્કૃતિક અનુભવ પણ પૂરો પાડીશું. અમે મુંબઈના શિક્ષણ જગતમાં સમૃધ્ધ ઈતિહાસનું સર્જન કર્યું છે અને અમે પોતાના મૂળ સ્થાન ગુજરાતમાં આવીને જ્ઞાનનાં બીજ વાવવા માગીએ છીએ. ગીફટ સીટીના સંકુલમાં વિશ્વ સ્તરની ગુણવત્તા પૂરી પાડવાનું અમારૂ સપનુ સાકાર થયું છે.'

નરસી મોનજી એજ્યુકેશનલ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી સુજય જયરાજે જણાવ્યું કે, 'અદ્યતન ટેકનોલોજી, ક્વોલિટી ઈન્ફ્રાસ્ટ્રકચર અનોખી સરક્યુલર ડિઝાઈન ધરાવતી આ સ્કૂલ ૧,૬૦,૦૦૦ ચો. ફૂટ વિસ્તારમાં પથરાયેલી છે, જ્યાં ધોરણ ૧૨ સુધીના ૨,૦૦૦ વિદ્યાર્થીને સમાવવાનુ આયોજન ધરાવીએ છીએ. અમારા શાળાના સંકુલમાં ૨ એકર વિસ્તારનું રમતનું મેદાન છે. વિતેલાં વર્ષોમાં રમતગમત ક્ષેત્રે સિધ્ધિઓઓએ શાળાને ખ્યાતિ અપાવી છે. અમે ગીફટ સીટીમાં જૂન ૨૦૧૫થી શરૂ થતી સ્કૂલમાં પણ રમતગમતની એવી જ ભાવના વિકસાવવા માગીએ છીએ.'

## હરિની દ્રષ્ટિ...




અરે, ગાન્ડા સાહેબે હજુ વાતોથી નથી ધ્રુજાવ્યુ...!!
આતો સાચો જ ધરતીકંપ છે.

## ગાંધીનગર મેડીકલ કોલેજને દેહદાન મળ્યું

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરના સે-૨-સી ખાતે પ્લોટ નં. ૮૦૧/૨ નિવાસી ૭૭ વર્ષીય હસમુખભાઈ એસ. શાહનું નિધન થતાં સ્વર્ગસ્થના દેહનું ગાંધીનગર મેડીકલ કોલેજને દાન કરવામાં આવ્યું છે. આ દેહદાન સ્વર્ગસ્થના પુત્ર આશિષભાઈ શાહ તથા પુત્રી છાયાબેન શાહની સંમતિથી મેળવાયું છે. દેહદાન મેળવવાના સેવા કાર્યમાં ગાંધીનગર મેડીકલ કોલેજના તબીબી પ્રોફેસર ડૉ. હિરેનભાઈ ચાવડા દ્વારા જુનિયર સિટીઝન કાઉન્સિલના કાર્યકરો હિતેશભાઈ રાવલ અને રાજુભાઈ વાઘેલા તથા દિલીપભાઈ દંતાણીના સહકારથી લેવામાં આવ્યું છે.



**આંતરરાષ્ટ્રીય નર્સ ડે :** ગાંધીનગર સિવિલ ખાતે આજે ૧૦૮ ઈમરજન્સી સેવાના સ્ટાફ પરિવાર દ્વારા દર વર્ષની જેમ કેક કાપી નર્સ ડે ની ઉજવણી કરવામાં આવી હતી.

## સેક્ટર-૭-ડી શહેરીજન સંસ્થા તેજસ્વી તારલાઓને સન્માનશે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરના સેક્ટર- ૭-ડી શહેરીજન સંસ્થા દ્વારા પ્રતિ વર્ષ માફક આ વર્ષે પણ તેજસ્વી તારલાઓના સન્માન માટે સભ્યોના બાળકોના પરિણામની વિગતો મંગાવવામાં આવી છે. આ વિગતો સંસ્થાના સભ્યોએ તા. ૫મી જુન શુક્રવાર સાંજના ૭ વાગ્યા સુધીમાં સંસ્થાને મોકલી આપવા જણાવ્યું છે.

સેક્ટર-૭-ડી શહેરીજન સંસ્થાના સભ્યોના બાળકો તેમજ પૌત્રાદીઓમાં જેમણે ધોરણ-૧ થી ૯ અને દસમાં બારમા ધોરણમાં ૭૫ ટકાથી વધુ પરિણામ મેળવ્યું હોય તેમનું સન્માન કરવા માટે માર્કશીટની ઝેરોક્ષ નકલ સંસ્થાના પદાધિકારીઓ પ્રમુખ જયંતભાઈ ભટ્ટ પ્લોટ નં. ૧૨૪૨/૨, કાર્યકારી પ્રમુખ કાન્તિભાઈ પંડ્યા પ્લોટ નં. ૧૨૯૦/૧ ને શુક્રવાર સાંજ સુધી મોકલી આપવા અનુરોધ કર્યો છે. તારીખ વિત્યા બાદ આવનાર માર્કશીટને ધ્યાનમાં લેવાશે નહિ તેવી તાકીદ કરવામાં આવી છે.

## નર્સીંગ કોલેજના યુવા વિદ્યાર્થીઓએ નર્સીંગ ડે ની અનોખી ઉજવણી કરી

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરની સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સીંગના વિદ્યાર્થીઓ દ્વારા આજે



આંતરરાષ્ટ્રીય નર્સીંગ ડે નિમિત્તે વિશેષ કાર્યક્રમ હાથ ધર્યો હતો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ગાંધીનગરના સે. ૨૮ની ઝુંપડપટ્ટીના રહેવાસીઓનો શારીરિક સ્વચ્છતાના પાઠ ભણાવ્યા હતા અને રોજબરોજની પ્રવૃત્તિઓ દરમ્યાન સ્વચ્છતા કેવી રીતે જાળવી રોગ મુક્ત રહેવુ તે અંગે માર્ગદર્શન આપ્યું હતું.

નર્સીંગ વ્યવસાય અને શિક્ષણના પાયોનિયર ફ્લોરન્સ માઈન્ટીંગલના જન્મ દિવસને સમગ્ર વિશ્વમાં નર્સીંગ ડે તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે ગાંધીનગરની નર્સીંગ કોલેજના ટીવાયબીએસસીના યુવા વિદ્યાર્થીઓએ અનોખો સેવાયજ્ઞ યોજી ઉજવણીને યાદગાર બનાવી હતી. આ સેવાયજ્ઞમાં તેમની સાથે કોલેજના પ્રાધ્યાપિકા પ્રેક્ષા પટેલ અને લાયબ્રેરિયન અંજના બારોટ પણ જોડાયા હતા. સમગ્ર કાર્યક્રમ કોલેજના આચાર્યા રવિનાબેન ક્રિશ્ચિયન અને કેમ્પસ ડાયરેક્ટર ડો. આર.જે. વ્યાસના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો.

(તસવીર : સમીર રામી)

## પુષ્ટીમાર્ગીય વૈષ્ણવ પરિષદ દ્વારા વિવિધ સ્પર્ધાઓનું આયોજન

ગાંધીનગર, તા.૧૨

આંતરરાષ્ટ્રીય પુષ્ટી માર્ગીય વૈષ્ણવ પરિષદની ગાંધીનગર શાખા દ્વારા પ્રતિ વર્ષની માફક આ વર્ષે પણ વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધાઓમાં વકતૃત્વ, નિબંધ લેખન, કિર્તન અને શ્રી વલ્લભસ્ત્રોત પઠન સ્પર્ધાનો સમાવેશ થાય છે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે સે-૨૧ની શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતેથી ફોર્મ મેળવી તા. ૨૫મી મે સુધીમાં વિગતો ભરી પરત કરવાના છે. સ્પર્ધા અંગે વધુ વિગતો હવેલી મંદિરના નોટીસ બોર્ડ પર મુકવામાં આવેલ છે જેને સ્પર્ધકોએ ત્યાંથી મેળવા લેવા જણાવાયું છે.

## આજે નીયોટેક્ષ આયોજિત ડે-નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઈનલ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરમાં નીયોટેક્ષ ગૃપ દ્વારા આયોજિત ડે-નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઈનલ મેચ તા. ૧૩મી મે બુધવારે સે-૨૧ના સચિવાલય જીમખાના ગ્રાઉન્ડ ખાતે સાંજે ૬ વાગ્યાથી યોજાશે. આ ફાઈનલ મેચ જોવા તેમજ મેચનો આનંદ માણવા ગાંધીનગરની જાહેર જનતાને હાર્દિક આમંત્રણ આપવામાં આવ્યું છે.

# સ્વદેશી જિન્સ એવી ખાદીની રેશ્મી વાતો!

## વિચારોના મધુવનમાં

પ્રા. ડો. રાકેશ પટેલ

૧૯૪૨ના ઓગસ્ટની વાત છે. મુંબઈના ગોવાલિયાટેંક પાસે એક સભા થઈ રહી હતી. ત્યારે ત્યાંથી પસાર થઈ રહેલી એક સુખી મહિલા, જેણે ઘરેણા પહેર્યા હતા અને તેના વ સ્ત્રો રેશમી હતા તે ત્યાં રોકાઈ. ભાષણ સાંભળવા લાયક હતું અને તેથી તે પણ ધ્યાનથી સાંભળી રહી હતી. એ જ વખતે અંગ્રેજ સરકારની ગાડીઓ આવી પહોંચી. 'ચલો બધા અંદર, આ સભા ગેરકાનૂની છે.' 'અરે ભાઈ...હું કોંગ્રેસી નથી, હું તો માત્ર સાંભળવા ભી રહી હતી.' 'જે કંઈ હોય એ, અહીં હતાં તો ચાલો અંદર, જે કહેવું હોય એ પોલીસ સ્ટેશન જઈને કહેજો.' મહિલા ગભરાઈ ગઈ, તેણે આસપાસ જોયું. થોડે દૂર ખાદી પહેરેલા એક વૃદ્ધ ભા હ તા તેમને બોલાવ્યા. પોતાનાં ઘરેણા ઉતારી, રૂમાલમાં બાંધી તેમને આપી દીધા. 'બહેન, તમે આ મને કેમ આપો છો?' 'ભાઈજાન, મારા ઘરનું સરનામું આપું છું...આ ઘરેણા ત્યાં આપી દેજો...' 'પરંતુ મારા જેવા અજાણ્યા વ્યક્તિ પર ભરોસો કેમ મૂકો છો?' 'ભરોસો કેમ ન હોય! તમે ખાદી પહેરેલી છે...' એ દિવસોમાં ખાદી આવું મહત્ત્વ અને નામ હતું. એક વખત એક કોંગ્રેસીએ ગાંધીને પોતાની મુશ્કેલી જણાવી: 'બાપુ, ખાદી જલ્દી મેલી થઈ જાય છે.' થોડો વિચાર કરીને ગાંધીએ કહ્યું, 'હા, ખાદીને મેલ પસંદ નથી... તે તેને સામે લાવીને કહે છે.

'ખાદીને ચાહવી એ સ્વદેશને ચાહવાની અપૂર્વ રીત છે. એ ચાહત હાથ રુમાલથી શરૂ કરી ટુવાલ સુધી અને કફનીથી શરૂ કરી જાડા જિન્સ જેવા પાટલલૂન સુધી હોઈ શકે. જેમ બાળક માતાના સ્પર્શને ઓળખે છે તેમ આપણી ત્વચા પણ કાપડના વણાટને પારખે છે. જે ચામડીને બાહ્ય ગરમી ઠંડીથી બચાવે તે એટલે ખાદી. જેના તાણાં વાણા સાથે કોઈ કામદારનો અખિલ સ્પર્શ વણાયેલો છે તે ખાદી સિવાય બીજું શું હોઈ શકે? યુવા પેઢીને ફેશનના નામે ફાટેલા પાટલુન ફાવી જતા હોય તો આટલા 'ટચી કાપડાને ગમાડવું જ રહ્યું. આપણું દુર્ભાગ્ય છે કે આજકાલના માલેતુજાર નાયકો કે નાયિકાઓ ઠંડા પીણાની ગરમાગરમ જાહેરાતો કરતા ખચકાતાં નથી, પણ જો તેમના કિંમતી સમયમાંથી થોડી નવરાશ કાઢીને એકાદ જાહેરાત ' વિચારધારા ધરાવતી ખાદી માટે કરે તો દેશનું કલ્યાણ થઈ જાય.

ખાદી ફ્રિડમ મુવમેન્ટ ટુ ફેશન બનવાની બધી શક્યતાઓ ધરાવે છે. સ્વદેશીની ભાવના જેની સાથે વણાયેલી એ ખાદી ઉનાળા માટેનું બેસ્ટ ફૅબ્રિક છે. એક સમયે ઈન્ડિયન ઈકૉનૉમીને બેઠી કરવા માટે ખાદી અપનાવવાની ચળવળ શરૂ થઈ હતી એ ખાદીને હવે યંગસ્ટર્સ ફૅશનસ્ટેટમેન્ટ તરીકે સ્વીકારી રહ્યા છે. નરેન્દ્ર મોદી વડા -ધાન બન્યા એ પહેલાં ખાદી પૉલિટિશ્યનોનું ફૅબ્રિક ગણાતી હતી, પણ હવે એ ફૅશનેબલ મેન અને વિમેન તથા યંગસ્ટર્સના ડેઈલી વૉર્ડરોબનું ફૅબ્રિક બની ચૂકી છે. મેન્સવેઅરમાં મોદીસ્ટાઈલ વધુ પૉપ્યુલર બની રહી છે. કલરકૉમ્બિનેશનમાં ખાદીનો હાફ સ્લીવ કુરતો અને પાયજામો એ છે મોદીસ્ટાઈલ, જે આ સમરમાં ઈન છે. વાસ્તવમાં ખાદી ઑર્ગેનિક અને ખૂબસૂરત ફૅબ્રિક છે એમ જણાવતાં અર્ચના કોચર કહે છે, 'આ ફૅબ્રિક કૂલ અને કમ્ફર્ટેબલ છે, પણ એનું મેઈન્ટેનન્સ વધુ આવતું હોવાથી આમ લોકોમાં એ પૉપ્યુલર નહોતી થઈ રહી; પણ હવે એનું ચલણ વધ્યું છે. ખાદીફૅબ્રિકમાં અનેક વરાઈટી આવી ગઈ હોવાથી ફૅશનડિઝાઈનરોએ જાતજાતની કુરતી જ નહીં, ટયુનિક્સ સહિતનાં યંગસ્ટર્સનાં કપડાં ડિઝાઈન કર્યા છે. આ સમરમાં ખાદી ડિઝાઈનરોનું માનીતું ફૅબ્રિક બન્યું છે. ઝિપર્સ અને હાઈવેસ્ટ ટ્રાઉઝર અને ટયુનિક્સ પણ એમાંથી બન્યાં છે તો ન્ટિેડ, ટોન્ડ વર્ક અને મિરર વર્ક પણ એના પર કરવામાં આવે છે.

જેમ પારદર્શક વ્યક્તિત્વ આપણા મનને આકર્ષે છે તેમ ખાદી આપણા તનને પોતાનું બનાવી દે છે. સ્ત્રી અને પુરુષ બન્ને માટેનાં પૅરેલલ અને સ્ટ્રેટ પૅન્ટ્સ ખાદીમાંથી બની રહ્યાં છે એમ જણાવતાં ડિઝાઈનર્સ કહે છે, 'હવે કુરતાની સાથે પાયજામો પણ ખાદીનો જ હોય છે. ખાદી ફૅબ્રિકમાં અનેક વરાઈટી આવી ગઈ છે. ખાદીનું બારીક પોત પણ બનતું હોવાથી ફૅશનેબલ વિમેન ડિઝાઈનર સાડીઓ ખાદીની બનાવડાવે છે. ખાદીનો દુપટ્ટો સિમ્પલ કુરતી પર રાખી સાથે કોલ્હાપુરી ચંપલનું કૉમ્બિનેશન એથનિક લુક આપે છે, જે યંગસ્ટર્સમાં ફેવરિટ બની રહ્યું છે. તો ખાદીની સિમ્પલ સાડી પણ રિચ લુક આપતી હોવાથી મોભાદાર મહિલાઓમાં ન્યિ બની રહી છે.અગાઉ વેડિંગવેઅરમાં કૉટન કપડું જ નહોતું વપરાતું ત્યાં ખાદીનો તો સવાલ જ નહોતો, પણ હવે સમર સીઝનના વેડિંગમાં વર કે કન્યા નહીં પણ જાનૈયા કે માંડવિયાઓ લિનનના બદલે ખાદીના ઈન્ડોવેસ્ટર્ન ડ્રેસ બનાવે છે.

આપણી નેતૃત્વ શક્તિ ધારે તો પાચ વર્ષમાં ખાદીને લોકન્યિ બાનાવી શકે છે. કેટલાક કાયદાઓ સરળ છે જેમ કે, શિક્ષણ ક્ષેત્રના તમામ કાર્યકર્તાઓ, સહકારી સંસ્થાના કર્મચારીઓ માટે ખાદીનો પહેરવેશ અઠવાડીયામાં એક દિવસ માટે આગ્રહપૂર્વક કરી શકાય. એક જમાનો હતો જયારે ખાદીનો -ભાવ હતો. ગાંધીની ધોતી ખાદીની હતી, જવાહરની ટોપી ખાદીની હતી. જવાહરલાલ 'તરુણ તપસ્વી' કહેવાતા. તેમણે એક વખત ખાદીનો આ રીતે પરિચય આપ્યો હતો: 'ખાદી સ્વતંત્રતાનો પહેરવેશ છે.' ગાંધી બોલ્યા હતા: 'વાહ, શું વાત છે! 'સ્વતંત્રતા પછી ખાદીનું નસીબ બદલાયું. ખાદી હવે સંપન્ન બની ગઈ. ધનસંપન્ન, પદસંપન્ન. હા, કેટલાક લોકો જૂની રીતભાતના છે, તેમણે ખાદીના રીતરિવાજ ચાલુ રાખ્યા છે. તેમાં રાષ્ટ્રપતિ બાબુ રાજેન્દ્ર -સાદ, તેઓ ભલે રાષ્ટ્રપતિ ભવન જેવા ભવ્ય મહેલમાં રહેતા હોય પણ ત્યાં દરરોજ જમીન પર બેસીને એક કલાક ચરખો ચલાવતા હતા, ખાદી કાંતતા હતા. અને શક્ય બને તેટલું પોતે કાંતેલી ખાદીનાં વ સ્ત્રો જ પહેરતા. બાબુ જય-કાશ નારાયણનાં નિષ્ઠાવાન પત્ની -ભાવતી દેવી સ્વતંત્રતા પછી પણ ખાદી મારફત ગરીબ મહિલાઓ માટે ઘણું કામ કરતાં અને ખાદીને -નસંગિક રાખતાં.

ખાદી વસ્ત્રોની ખાસ વિશેષતા એ છે કે તે શરીરને ગરમીની ઋતુમાં ઠંડુ અને શિયાળાની ઋતુમાં ગરમ રાખે છે.ભારત દેશની સ્વતંત્રતાના આંદોલનના સમયમાં ખાદીનું ખુબ જ મહત્વ રહ્યું હતું. ગાંધીજીએ ઈ. સ. ૧૯૨૦ પછીના દશકમાં ગામડાંઓને આત્મ નિર્ભર બનાવવાને માટે ખાદીના -ચાર-સાર પર ખુબ જ જોર આપ્યું હતું. આજે પણ ભારત દેશનો રાષ્ટ્રધ્વજ માત્ર ખાદીના કાપડમાંથી જ બનાવવામાં આવે છે હવે તે સરકારનો પહેરવેશ બની. ઝીણી ખાદીની ડિમાન્ડ વધી, ખાદીના ભાવ વધ્યા. ખાદી પર રંગ ચઢવા લાગ્યા, તેના પર અત્તર છંટાવા લાગ્યું છે. ઘણા સાંસદો, રાજયપાલો, રાજકારણીઓ કિંમતી ખાદી પહેરે છે. પરંતુ મુખ્યત્વે આઝાદી પછી ગરીબોએ બનાવેલી, અમીરોએ પહેરેલી, સરકારની પસંદગીની ખાદી, આઝાદીનો પહેરવેશ, રાજ દરબારીઓની લાડલી હવે રાજકુમારી બની ગઈ. અને ધીમે ધીમે સુખી લોકોની ન્યિ પણ બની ગઈ. બુટિક દુકાનોનો માલ, ફેશન શોની કમાલ બની ગઈ. પરંતુ આજે કોઈ મહિલાએ કોઈ કારણથી પોતાનાં ઘરેણા સોંપવા હોય તો એ કડક ખાદી પહેરેલા, ગુટકા ચાવતા, મોબાઈલ ફોન પર વાત કરતા વ્યક્તિને બદલે ચીંથરેહાલ વ્યક્તિ કે પછી ભિખારી જેવી દેખાતી વ્યક્તિને આપવાનું પસંદ કરશે.

ખાદીનો એક અર્થ રક્ષક,બીજો અર્થ ખજાનો અને ત્રીજો અર્થ જમીન નીચેનો કોઠાર પણ થાય છે. વિચારો ખાદી પહેરનાર શું ન કરી શકે ? ખાદીને જે રાજકીય રંગે બગાડી છે તેને તેનાથી અલગ કરવાની જરૂર છે. 'અંગ્રેજો, ભારત છોડો' તેમ જેની પર કોઈ કાયદાની કલમો લાગી ગઈ છે તેવા વ્યક્તિ માટે 'રાજકારણીઓ, ખાદી છોડો.' ખાદીને તમારી સ્વાર્થી નેતાગીરી સાથે ન જોડો. સાથે જ સરકારને કહેવા માગીશ, 'ખાદી લો, તેની વિશેષતાઓ ઓળખો...ગાંધી, રાજેન્દ્ર -સાદ અને જય-કાશ નારાયણ બુદ્ધિશાળી હતા, હિન્દુસ્તાનને ઓળખતા હતા. ખાદી વિશેના તેમના વિચારો ઓળખો. જરૂરી નથી કે ખાદી કમિશનમાં ખાદીધારીઓને જ બેસાડવામાં આવે. વણકરોની આવક વધારવી હોય, ખાદીમાંથી કમાણી વધારવી હોય તો તેની નિકાસ કરવી પડશે. વાત આપણી ગરીબી, રોજગારીની છે. આપણા સામૂહિક ભવિષ્યની છે.

હવે ખાદીએ ઓલ્ડ ફેશન રહી નથી તેની પણ છે હોટ સમરમાં ખાસ્સી ડિમાન્ડ. ફેશન અને ટ્રેન્ડની વાત કરીએ તેમાં પણ ફેશનેબલ ખાદી લોકો વધારે પસંદ કરી રહ્યા છે.ખાદીની ડિમાન્ડ વધવા પાછળ તે માત્ર ખાદી જ નહી પરંતુ ખાદી જેવો દેખાવ,સાથે ખાદી ઝ્યફેન્સી પેટન્ટ પણ ભારે માંગ રહેલી છે.હાલ ખાદીના કુર્તા અને બંડી યંગ સ્ટર્સ વધુ પસંદ કરી રહ્યા છે આ સાથે લેડીઝ કૂર્તી પણ વધુ પસંદ પડી રહી છે.

સામાન્ય રીતે ખાદી એ હેન્ડમેડ -ોડકટ ગણવામાં આવે છે પરંતુ હવે એવુ રહ્યું નથી.ખાદીના ફેબ્રિક પણ હવે અલગ અલગ ડિઝાઈન સાથે લુમ્સમાં બની રહ્યા છે.જેના કારણે કાપડમાં યોગ્ય ફીનીર્શીંગ મેળવી શકાય છે.કંપનીઓ દ્વારા માર્કેટને ધ્યાનમાં રાખીને ૧૦૦ ટકા ખાદીની સાથે મિક્ષ ખાદી પણ બનાવવામાં આવી રહી છે.જેમાં કોટનની સાથે લીલન પણ મીક્ષ કરવામાં આવી રહ્યું છે.ગરમીની સિઝનમાં ખાદીના કપડા કમ્ફટેબલ હોય છે અને લોગ લાસ્ટીંગ પણ જેથી તેની માર્કેટમાં હાલ ભારે ડિમાન્ડ જોવા મળી રહી છે.

ખાદીથી અનેક ફાયદા છે. એક વાર પહેરો તો જાણો! ખાદી પ્યોર કોટનમાંથી બનાવવામાં આવે છે.જેથી તે ઈકો ફ્રેન્ડલી -ોડક્ટ છે. જે વિન્ટરમાં હોટ અને સમરમાં કુલ ફીલ કરે છે.જેથી સમર સિઝનમાં જભ્ભા અને કુર્તાની ડિમાન્ડ વધુ રહે છે.આ સાથે ખાદીએ કોસ્ટ ઈફેક્ટીવ અને લોંગ લાસ્ટીંગ મટીરીયલ હોય છે. બેગ,વેસ્ટ,બેડશીટ,ફેબ્રિક પીસ,કોટીંગ મટીરીયલ, ડાયરી,કારપેટ, ધોતી,જેકેટ,કુર્તા પાયજામા,લેડીઝજેન્ટસ કુર્તા, વાઈટકલરન્ટિેડ ખાદી, શાલ, પીલો કવર, ટોવેલમાં ખાદીનો ઉપયોગ કરવામાં આવે છે. ખાદીની પણ ઘણી વેરાઈટી મળી રહી છે. પોલી ખાદી ફેબ્રિકકોટન ખાદી ફેબ્રિક, સીલ્ક ખાદી ફેબ્રિક, વુલન ખાદી ફેબ્રિક અને હેન્ડવુલન ખાદી ફેબ્રિક. ખાદી હવે ઓલ્ડ ફેશન નથી તેની ડિમાન્ડ આમ તો દરેક સિઝનમાં હોય છે. પરંતુ ગરમીની સિઝનમાં આ ખાદીના કપડા સ્કીનને વધુ શુટ કરતા હોય છે. આ સાથે તેમાં ગરમી પણ ઓછી થતી હોવાથી સમરમાં તેના વેચાણમાં વધારો ચોક્કસ જોવા મળી રહ્યો છે.

ખાદીનો ઉપયોગ એક અલગ લુક માટે યંગ જનરેશન પસંદ કરી રહી છે.રોજ કરતા કઈક અલગ દેખાવા માટે તેઓ ખાદીની ડિફરન્ટ ડિઝાઈન કરેલા કુર્તા અને કોટી ડિમાન્ડ કરી રહ્યા છે. કુર્તામાં લાઈટ કલર અને કોટીમાં ડાર્ક કલર પસંદ કરવામાં આવે છે. ખાદીની સાથે મહાત્મા ગાંધીનું નામ જોડાયેલુ છે.૧૯૨૦માં ફ્રિડમ મુવમેન્ટ થી ખાદી ફેમસ થઈ હતી. જે ખાદી આજે એક ફેશન સ્ટેટસ પણ બની ગઈ છે. હાલ ઘણા ફેશન શો માં ખાદીને -મોટ કરવા માટે ખાસ ડિઝાઈર દ્વારા કોસ્ચ્યૂમ ડિઝાઈન કરવામાં આવી રહ્યા છે.

વડા-ધાન નરેન્દ્ર મોદી કહે છે કે મિત્રો, મારું કાયમથી માનવું રહ્યું છે કે ગાંધીજીને સમજવા હોય તો આ મહામાનવ પર લખાયેલ ઢગલાબંધ પુસ્તકો વાંચવા માત્રથી કામ ચાલશે નહિ, તેમનાં આદર્શોને જીવી જાણવા પડશે. એટલે જ. ખાદી માત્ર કાપડનો ટુકડો નથી, એ એક વિચારધારા છે. ખાદી અને ચરખો આ બે તો એવા એવા -તિક છે જેણે આઝાદીની લડાઈમાં સમગ્ર દેશને સંગઠિત કર્યો. ખાદીનાં શસ્ત્રથી આપણે ૧૯૪૭ પહેલા શાસન જમાવીને બેઠેલી વિદેશી સલ્તનતને પડકાર ફેંક્યો, અને ખાદી વિદેશી સામ્રાજયવાદ સામેની લડતનું -તિક બની ગઈ, જનશક્તિને જાગૃત કરનારું અદભુત શસ્ત્ર બની ગઈ.મને ખાત્રી છે કે ખાદીની ફેશન દુનિયાભરનાં લોકો પર પોતાનો -ભાવ નાંખીને તેમને ઘેલા બનાવી શકે છે. આવનાર સમયમાં 'ખાદી ફોર નેશન, ખાદી ફોર ફેશનનું સૂત્ર ઘણું ઉપયોગી નીવડી શકે છે.

આપણે ૧૯૪૭ માં સ્વરાજ તો મેળવી લીધું, પણ ગાંધીજીનાં સ્વપ્નનાં સુરાજયની પ્રાપ્તિ કરવી હજી બાકી છે. સુરાજયની પ્રાપ્તિ માટે પુરુષાર્થ કરવાની અને દરિદ્રનારાયણની સેવાને વરેલ હોય તેવા સમાજનું નિર્માણ કરીને મહાત્મા ગાંધીનાં સ્વપ્નને પરિપૂર્ણ કરવાની જવાબદારી હવે આપણા શિરે છે.